# ચૈતન્ય સ્કૂલ સૅક્ટર-૨૧ ખાતે વિદ્યા આરંભ મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

સૅક્ટર-૨૧ ખાતે કાર્યરત ચૈતન્ય સ્કૂલ ખાતે શનિવારે 'વિદ્યા આરંભ' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાની દેવી સરસ્વતી સમક્ષ જ્ઞાનનો દીપ પ્રગટાવી ખૂબ જ ભાવપૂર્વક આ પાવન પ્રસંગનો આરંભ કરવામાં આવ્યો હતો.

એ પછી ઉપસ્થિત પ્રમુખ પંડિતે વાલીઓ તથા બાળકોને તેમના હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી ધર્મ પ્રમાણે તેમના આરાધ્યોનું ધ્યાન કરાવ્યું હતું. વાલીઓએ પોતાનાં નાનાં બાળકોનાં હાથ પકડીને ચોખા ભરેલી થાળીમાં તેમના આરાધ્યોનાં નામ લખાવ્યાં હતાં. જ્ઞાનના દીપમાંથી દરેક વાલીએ કોડીયું પ્રગટાવી પૂજન કર્યું ત્યારે અત્યંત પવિત્ર વાતાવરણનું સર્જન થયું હતું.

બાળકોને આનંદ આપવા માટે બર્ડકૉલનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત અલગ અલગ પક્ષીઓના અવાજ અને કિલકારીઓ બાળકોને સંભળાવવામાં આવી હતી.

ચૈતન્ય સ્કૂલમાં ભાર વિનાના ભણતર માટે વાલીઓ તથા શિક્ષકોની ભાગીદારીનું મહત્ત્વ પણ આ પ્રસંગે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.

# જીટીયુની પરીક્ષામાં ઉદાસીનતા બદલ હવે પ્રૉફેસરો સામે તવાઈ

અમદાવાદ, તા.૨૦

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા પરીક્ષામાં ચોરી કરતા પકડાયેલા વિદ્યાર્થીઓની જેમ યુએફએમ કમિટી તપાસ કરી સજા ફટકારે છે તેમ હવે પરીક્ષામાં બેજવાબદારી અને ગેરરિતી આચરનાર પ્રોફેસરો સામે પણ એક્ષામીનેશન ડિસીપ્લીનરી ઈન્ક્વાયરી કમિટિ દ્વારા તપાસ કરાશે અને સજા કરાશે. જીટીયુ સહિત રાજ્યભરની યુનિવર્સિટીઓમાં પરીક્ષામાં ગેરરિતી આચરતા પકડાયેલા વિદ્યાર્થીઓ માટે યુએફએમ કમિટિ બનાવાય છે. જે વિવિધ કેસોની તપાસ કરી સુનાવણી કરે છે અને ત્યારબાદ સજા કરે છે. આવી જ રીતે હવે પરીક્ષામાં બેજવાબદારી અને ગેરરિતી આચરનાર અધ્યાપકો સામે પણ કમિટિ તપાસ કરશે. પરીક્ષા પુર્વ અને તે દરમિયાન પેપર કાઢવામાં અઢવા ઉત્તરવહી તપાસવામાં ભૂલ કરનાર તેમજ લીક કરવાની પ્રવૃત્તિ કરનાર પ્રોફેસરો સામે આ કમિટિ તપાસ કરશે ત્યારબાદ સુનાવણી હાથધરી સજા કરશે. ટૂંકમાં આ કમિટિ પરીક્ષા સાથે સંકળાયેલા પેપર સેટર, એક્ષામીનર, સુપરવાઈઝર, કોર્ડીનેટર સહિત કોલેજ અને યુનિવર્સિટીના કર્મચારીઓ પરીક્ષામાં બેજવાબદારી અદા કરશે તો તેમની સામે તપાસ કરશે. કમિટીમાં ૭ સભ્યોહશે. જેના ચેરમેન કુલપતિ અથવા તેમના દ્વારા નિયુક્ત સભ્યહશે. આ ઉપરાંત કુલપતિ દ્વારા નિયુક્ત ડીન, કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન નિયુક્ત ત્રણ આચાર્ય સહિત કન્વીનર તરીકે રજિસ્ટાર રહેશે.

# સિધ્ધયોગ ધ્યાન કેન્દ્ર દ્વારા ૨૪મીએ ગુરુપૂર્ણિમા ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

સિધ્ધયોગ ધ્યાન કેન્દ્ર, માણસા દ્વારા માણસા ખાતે આગામી તા. ૨૪ જૂનના રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

રવિવારે સવારે ૯થી સાંજે ૪ કલાક દરમ્યાન શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ વાડી, રિઝોલ હૉલ, માણસા ખાતે આયોજિત આ મહોત્સવ અંતર્ગત ધ્યાન, ધૂન અને સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગુરુપૂર્ણિમા મંગળવાર, તા. ૩ જુલાઈના રોજ છે. પરંતુ, સિધ્ધયોગ ધ્યાન કેન્દ્ર દ્વારા તેની ઉજવણી શ્રી ગુરુમાઈના જન્મદિન નિમિત્તે તા. ૨૪ના રોજ આયોજિત કરવામાં આવી છે. સૌ ભાવિકોને આ આધ્યાત્મિક પ્રસંગનો લાભ લેવા કેન્દ્ર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

કેન્દ્ર દ્વારા સાપ્તાહિક સત્સંગની પ્રવૃત્તિ પણ નિયમિતપણે ચલાવવામાં આવે છે. ડૉ. જતીનભાઈ દવેના નિવાસસ્થાન, સજ્જનનગર સોસાયટી, માણસા ખાતે દર બુધવારે રાત્રે આ પ્રવૃત્તિ યોજાય છે.

### વિધાનસભા અને સચિવાલયમાં ફરજ બજાવતા

# કર્મચારીઓ-અધિકારીઓ માટે આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગની સચિવાલય કલ્યાણ સમિતિના ઉપક્રમે વિધાનસભા અને સચિવાલયના કર્મચારીઓ-અધિકારીઓ માટે ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડીની સાંઘિક રમતો તેમજ બેડમિન્ટન, ટેબલટેનીસ, ચેસ, કેરમ, તરણ, એથલેટીકસ, ગીતસંગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને વિકલાંગ માટેની એથલેટીકસ જેવી વિવિધ આંતર વિભાગીય રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રમત ગમત સ્પર્ધામાં વિધાનસભા અને સચિવાલય સંવર્ગની મંજૂર થયેલ જગ્યાઓ પર સીધી ભરતી, બઢતીથી નિમણૂંક પામેલા કર્મચારીઓ-અધિકારીઓ ભાગ લઈ શકશે સાંઘિક રમતોમાં (ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી)ની સ્પર્ધામાં ગાંધીનગર સ્થિત ખાતાની વડી કચેરીના કર્મચારીઓ અને તેમના સબંધિત વહીવટ વિભાગની ટીમો સંયુકત પણે ભાગ લઈ શકશે પરંતુ ક્રિકેટની રમતમાં ખાતાના વડાની કચેરીના પાંચ અને વોલીબોલ-કબડ્ડીની રમતમાં ત્રણ ખેલાડીઓ ભાગ લઈ શકશે.

વિકલાંગો માટેની સ્પર્ધાઓ માટે ખેલાડીઓને પ્રવેશ ફીમાંથી મુકિત આપવામાં આવી છે. ભાગ લેવા ઈચ્છુક રમતવીરોએ પોતાના વિભાગના મહેકમ અધિકારીના સહી સિક્કા સાથે અરજી મોકલવાની રહેશે જે સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખાને ૫ મી જુલાઇ ૨૦૧૨ સુધીમાં પહોંચાડવાની રહેશે.

આ અંગેની વધુ વિગતો માટે સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ સમિતિ બ્લોકનં.૭ નવા સચિવાલય ગાંધીનગરનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે અમદાવાદ ખાતે નાટયોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૬/૧૨ થી તા. ૨૫/૦૬/૧૨ અને તા. ૨૭/૦૬/૧૨ ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે જયશંકર સુંદરી નાટય ગૃહ, અમદાવાદ ખાતે નાટયોત્સવનું આયોજન કરાયું છે એમ સચિવશ્રી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની યાદીમાં જણાવાયું છે. આ નાટયોત્સવ દરમ્યાન તા. ૨૩/૦૬/૧૨ ના રોજ ડાકઘર, તા. ૨૪/૦૬/૧૨ ના રોજ એકલા ચલો રે, તા. ૨૫/૦૬/૧૨ ના રોજ ચિરકુમાર સભા અને તા. ૨૭/૦૬/૧૨ ના રોજ નષ્ટ નીડ જેવા નાટકો યોજાશે રસ ધરાવતા નાટયપ્રેમીઓને નાટક નિહાળવા હાર્દિક નિમંત્રણ છે. આ અંગેના નિમંત્રણ કાર્ડ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર તેમજ લલિત કલાભવન, પં. રવિશંકર રાવળ કલાભવન, લો ગાર્ડન, અમદાવાદ ખાતે થી મળી શકશે.

### ૪૦ ટકા સાથે સાયન્સ ગ્રેજ્યુએટ થનાર માટે

# ૧૦૦ ટકા જૉબ પ્લેસમેન્ટ આપતા મૅડીકલના નવા કોર્સ શરૂ થશે

## સિવિલની યુએન મહેતા હોસ્પીટલ ખાતે ચાલનાર પ્રત્યેક કોર્સની ફી ૪૦૦૦ અને ૧૫ બેઠકો : ૧૦મીથી સત્ર શરૂ

અમદાવાદ, તા.૨૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સીવીલની યુએન મહેતા હોસ્પિટલ ખાતે એક સાથે મેડીકલના ૧૧ કોર્સીસ શરૂ કરવામાં આવી રહ્યા છે. એક વર્ષના આ કોર્સમાં ૪૦ ટકાથી ઉપર ધરાવનાર વિજ્ઞાન પ્રવાહનો કોઈ પણ સ્નાતક વિદ્યાર્થી પ્રવેશ લઈ શકશે. આ ફોર્મ માટેના ફોર્મ યુએન મહેતા હોસ્પીટલ ખાતેથી મળશે. કોર્સીની ફી રૂપિયા ૪૦૦૦ રહેશે. વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટ મળશે. ગુજરાતમાં વધી રહેલા મેડીકલ ટુરીઝમને ધ્યાનમાં રાખી ગુજરાત યુનિવર્સિટી દ્વારા એક સાથે મેડીકલના ૧૧ કોર્સીસ શરૂ કરવામાં આવી રહ્યા છે. આ કોર્સમાં શૈક્ષણિક તમામ જવાબદારી ગુજ. યુનિ.ની રહેશે. આ કોર્સ સીવીલની યુએન મહેતા હોસ્પીટલ ખાતે ચાલશે. આ તમામ કોર્સ એક વર્ષના રહેશે. જેની ફી માત્ર રૂપિયા ૪૦૦૦ હશે. ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટ ધરાવતા આ કોર્સની વધમાં વધુ ૧૫ બેઠકો રહેશે. ચાલુ વર્ષથી શરૂ થઈ રહેલા કોર્સમાં એક્ષરે, ટેકનીશીયન એક્ષરે, આસીસ્ટન્ટ, રેડયો ઈમેજીંગ આસીસ્ટન્ટ લેબ આસીસ્ટન્ટ, એવીજી ટેકનીશીયન ઈસીજી આસીસ્ટન્ટ, ઈકો ટેકનીશીયન, કેથલેબ ટેકનીશીયન, ટીએમટી આસીસ્ટન્ટ, આઈસીસીયુ આસીસ્ટન્ટ, એડવાન્સ કાર્ડીયાક અને ફિઝીયોથેરાપી કોર્સમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહનો કોઈ પણ સ્નાતક વિદ્યાર્થીને ઓછામાં ઓછા ૪૦ ટકા હોવા જોઈએ. કોર્સમાં મેરીટથી જ પ્રવેશ મળશે. કોર્સની શરૂઆત ૧૦ જુલાઈથી થશે. કોર્સમાં પ્રવેશથી લઈ જોબપ્લેસમેન્ટ સુધીની તમામ જવાબદારી યુએન મહેતા હોસ્પીટલની રહેશે.

# અગણિત સંગીત કુદરતે સૃષ્ટિમાં છૂટા હાથે વહેતાં મૂક્યાં છે

**પ્રસંગસર**
**- પી એમ પરમાર 'દર્શન'**

આજે સંગીત દિવસ છે. સંગીત એટલે શું? સંગીતનો અર્થ સંગીત શબ્દમાં જ નિહિત છે. બ્રાહ્મ લટકાં કરે બ્રાહ્મ પાસે; પાણીને પાણીની તરસ લાગી છે એવા ગર્ભિત અર્થમાં સંગીત શબ્દમાં જ સંગીત નિષ્પન્ન થાય છે. સંગીતનો બીજો અને ત્રીજો અક્ષર વાંચો તો 'ગીત' શબ્દનો અર્થ જ એ થાય છે કે ગીત થકી જ સંગીત પેદા થાય છે. ગીત એટલે ગાઈ શકાય તેવું ગીત. દાત ભગવદ્ ગીતા એટલે જીવનનું સંગીત.

ગીત વગર એક વખત સંગીતની કલ્પના તો કરી જુઓ !! ગીત વગરનું સંગીત એટલે ટહૂકા વગરનો મોર ને રાસ વગરની રાધા. હવે સંગીત શબ્દનો પહેલો અને બીજો અક્ષર સાથે વાંચો તો શું થાય ? 'સંગી' એટલે સાથી, સોબદી, સંગ કરનાર. સંગીતના સંગ વગર કોઈ જીવી શકે ખરું ? સંગીત તો જન્મની સાથે જ પ્રગટ થવા લાગે છે. તાજા જ જન્મેલા બાળકનું સૌથી પહેલું ઉઆ... ઉઆ.... સાંભળજો. વાત સમજાઈ જશે. એ ઉઆ... એઉઆ...થી શરૂ થયેલ સંગીત માણસના મૃત્યુ પછી ગવાતા મરશિયા સાથે સમાપ્ત થાય છે.

હવે સંગીત શબ્દનો પહેલો અને છેલ્લો અક્ષર સાથે વાંચો તો શું થાય ? સંત. સંત એટલે મહાન પુરુષ, સાધુ અર્થાત્ સજ્જન પુરુષ. તાનસેનનું નામ લો એટલે આ વાત સમજાવવી નહિ પડે. હા, તાના-રીરીને કેમ ભૂલાય ? સંગીતની પવિત્રતામાં કોઈને પણ સંત બનાવવાની તાકાત છે. આમ સંગીતની વ્યાખ્યા તાર્કિક રીતે ચિંતન કરીએ તો વિશાળ છે. લય, તાલ, શબ્દ, સૂર, છંદ, ગાયન, વાદન, નૃત્ય, વાદ્યો, ગીત, તન્મયતા આ બધાનો સરવાળો કરો એટલે પણ અર્થ તો સંગીત જ થાય છે, જે માનવ સર્જિત છે.

સંગીતનું વ્યાકરણ એ માણસની શોધ છે પણ કોઈ બંધારણ વગર, નિયમો વગર, સમયની મર્યાદા વગર, કોઈ પણ કૃત્રિમતાની સહાય લીધા વગર અનાયાસે, આપોઆપ, કોઈપણ નિર્ધારિત આયોજન વગર, નૈસર્ગિક રીતે જ જ્યાં, જ્યારે, જેવી રીતે, જેવું પ્રગટ થયું તેવું સીધેસીધું જ આપણી શ્રવણેન્દ્રિયને સંભળાય અને તેને જાણનારો-માણનારો માણસ ત્યાં જ થોભી જાય એવાં અગણિત સંગીત કુદરતે, સર્જનહારે, સૃષ્ટિકર્તાએ સૃષ્ટિમાં છૂટા હાથે વહેતાં મૂક્યાં છે, તે સંગીતની થોડી વાત કરવી છે.

ખળખળ વહેતા ઝરણાનો કર્ણપ્રિય ખળખળાટ, પાનખરમાં ખરેલાં સૂકાં પાંદડાં ઉપરથી સડસડાટ સાપ જાય ત્યારે સૂકાં પાંદડાંનો ફફડાટ સાથે સંભળાતો ખડખડાટ, ઘટાદાર પીપળાનાં છટાદાર પાંદડાં પવનમાં સ્પર્શ કરે ત્યારે થતું મર્મર સંગીત, પર્વતની ટોચેથી પડતા પાણીના ધોધનો જોજનો દૂર સુધી પડઘાતો નાદ, પૂનમની ચાંદનીમાં સાગર હિલોળે ચડે, ભરતી આવે ત્યારે સફેદ ફીણના ઢગલા જેવાં મોજાંનો ઘૂઘવાટ, પવનનો સૂસવાટ, સર્પાકારે, સતત થતી વીજળીના ચમકારા પછી થતો પેલાં તબલાંમાંથી તબલાવાદક જુદા જુદા સ્વરાંકન કરી દેખાડે તેવા અનેક પ્રકારના મેઘનાદ, વરસાદ ધોધમાર ખાબકતો હોય ત્યારે જે તાલબદ્ધ ધ્વનિ પેદા થાય - આવા તો ગણ્યા ગણાય નહિ એટલાં કુદરતી સંગીતનાં ઉદાહરણો છે. આ તો પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ અને આકાશ એ પંચમહાભૂત થકી પેદા થતી સંગીતની વાત કરી છે. પંચમહાભૂતમાંથી જીવસૃષ્ટિ ઉત્પન્ન થઈ. હવે સંગીતની બીજી એક દુનિયામાં સફર કરી લઈએ.

વસંતઋતુમાં આમ્રઘટામાંથી છૂટા મૂકેલા કોયલના ટહૂકા, વર્ષાઋતુમાં પહેલા પહેલા વરસાદના ટાંકણે વાદળોની ગર્જના સાથે જ રાજરાણી ઢેલના સાંનિધ્યમાં થનગનાટ સાથે કળા કરેલા મોરને આકાશમાં ઊંચી નજર સાથે કરેલો ગહેંકો, મેઘલી રાતના કાળી ચૌદશ જેવા ગાઢ અંધકારની નીરવ શાંતિમાં સૂરીલો પણ કર્કશ, તીણીતીણો છતાં અતૂટ નીતરીને આવતો તમરાંનો ઘૂંટાઈને આવતો સૂરીલો સૂર, ઉનાળામાં ધોમધખતા વૈશાખી બપોરે પ્રભુ તું... પ્રભુ તું...નું ભજન કરતા હોલાનું ભજન... કબૂતરનું ઘૂ ઘૂ ઘૂ... પોપટનું સીતારામ.... આવો પધારોનું આવકાર આપતું સંગીતમય ઈજન.... આ બધું તમે શાંતિપૂર્વક સાંભળો તો સમગ્ર સૃષ્ટિના સંચાલક ખરેખર મહાન સંગીતકાર હોય એવું લાગ્યા વગર રહેતું નથી !!

સમસ્ત માનવજાત સમજે તેવી એક ભાષા છે : સંગીત. તબલાં વાદનની કોઈ ભાષા ખરી ? શહનાઈ કે શરણાઈના સૂર વિશ્વનો કોઈ પણ સંગીતકાર ગુજરાતી કે અંગ્રેજીમાં નથી રેલાવી શકતો, કોઈ ભેરી, મૃદંગ, શંખ, ભૂંગળ, વીણા, ડમરૂ, સારંગી, વાંસળી, મંજિરાં, ઝાંઝ કે સંગીતનાં કુલ ૭૨ વાદ્યો-વાજિંત્રો છે તેમાંથી નીકળતા સંગીતની કોઈ ભાષા નથી હોતી. સંગીતની માત્ર એક જ ભાષા છે - સંગીત. જે ભાષાથી પર છે તે જ ભગવાન છે, આત્મા અને પરમાત્માનું સુભગ મિલન એ સંગીતનો આત્મા છે. ખુદ આપણા શ્વાસોચ્છવાસ સોહં સોહં સંગીતના દ્યોતક છે. એટલે જ્યારથી માણસના શ્વાસ શરૂ થાય છે ત્યારથી સંગીત શરૂ થઈ જાય છે. માણસ માટે જેમ શ્વાસ એ જ જીવન છે એ જ રીતે સંગીત માણસ માટે, શ્વાસ અને જીવન બંને છે. શ્વાસ વગર જિંદગી નથી તો સંગીત વગર જીવન નથી.

**જ્યારથી માણસના શ્વાસ શરૂ થાય છે ત્યારથી સંગીત શરૂ થઈ જાય છે. માણસ માટે જેમ શ્વાસ એ જ જીવન છે એ જ રીતે સંગીત માણસ માટે, શ્વાસ અને જીવન બંને છે; શ્વાસ વગર જિંદગી નથી તો સંગીત વગર જીવન નથી**

# કેફિયત કલા સાધકની

**- આશા સરવૈયા**

આપણે દર વર્ષે વિશ્વ રંગભૂમિ દિનની ઉજવણી કરીએ છીએ. રંગભૂમિ અને નાટયશાસ્ત્ર એ પૌરાણિક સમયથી આપણી સંસ્કૃતિનું અભિન્ન અંગ રહ્યું છે. રંગભૂમિ પર અનેક નાટયવિદો પોતાનું કલાકૌવત દાખવી ચૂક્યા છે. તેમની સોનેરી યાદો આપણી વચ્ચે હજી પણ જીવંત છે. ગુજરાત અને ગાંધીનગરના જનજીવન પર પણ નાટયક્ષેત્રનો સારો એવો પ્રભાવ રહ્યો છે. આવા જ બહુપાશ્વી પ્રતિભાના માલિક એટલે ગાંધીનગરના જાણીતા નાટયવિદ્ શ્રી અખ્તર સૈયદ.

અખ્તર સૈયદનો જન્મ તેમના વતન ધંધૂકામાં, જ્યાં તેમણે બે ધોરણ સુધી અભ્યાસ કર્યો. એ પછી થોડાં વર્ષો અમદાવાદની સેન્ટ ઝેવિયર્સમાં. પિતાજી ઈન્સ્પેક્ટર હોવાથી વારંવાર બદલી થતી. જેથી અમદાવાદ પછી વાપી, વલસાડ, દાહોદ વિ. સ્થળોએ શાળાભ્યાસ કર્યો. આદિવાસી વિસ્તારની શાળાઓના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અમદાવાદના ટાપટીપ થયેલા છોકરાને નાટકમાં ભાગ લેવા ખૂબ આગ્રહ થતો. આ પ્રવૃત્તિઓમાં રસ ન હોવા છતાં પણ શિક્ષકોના આગ્રહથી ત્રણ-ચાર નાટકો ભજવ્યાં પણ મન ન લાગ્યું. ભવન્સ કૉલેજ અમદાવાદના અભ્યાસ દરમ્યાન પણ કોઈ નાટકોમાં ભાગ ન લીધો.

૧૯૭૮માં અખ્તરજીને ગાંધીનગરમાં સરકારી નૉકરી મળી અને સામાન્ય વહીવટ વિભાગની કલ્યાણ શાખાના શ્રી જીતુભાઈ કોટકના આગ્રહ તેમજ પ્રેરણાથી અખિલ ભારતીય મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધામાં 'જીવનસાથી' નાટકમાં ભાગ લીધો અને નાટ્યસફર શરૂ થઈ. સફરમાં આગળ વધતાં

૧૯૮૨માં અખ્તર સૈયદ થિયેટરની સ્થાપના કરી. ૧૯૮૪માં ગાંધીનગર આવીને વસ્યા અને અભિનય તેમજ દિગ્દર્શન અને નિર્માણ ક્ષેત્રે યોગદાન આપીને નાટ્ય પ્રવૃત્તિ આગળ ધપાવી.

મુલ્કી સેવા નાટ્ય સ્પર્ધામાં અખ્તરજીનું નાટક 'શિકાર' રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ આવ્યું. એ પછી 'સાથિયામાં એક રંગ ઓછો' પણ પ્રથમ આવ્યું. એટલું જ નહીં, આ નાટકને દિગ્દર્શન અને અભિનય સાથેના કુલ પાંચ રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયા. આમ, ગાંધીનગર સચિવાલય ગ્રૂપ કક્ષાએ મેદાન મારી ગયું. દર વર્ષે અખ્તરજી ઉત્સાહ અને ઝનૂનથી નવું નાટક તૈયાર કરાવે, જે પ્રથમ આવે અને ગાંધીનગર અને ગુજરાતને ગૌરવ અપાવે. આમ વિજય અને અખ્તરદાદા એકબીજાનો પર્યાય બની રહ્યા. અખ્તરદાદા અને તેમની ટીમે કુલ ૯ વખત રાષ્ટ્રીય કક્ષાએ રાજ્યની ટીમનું પ્રતિનિધિત્વ કરેલું છે. ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજાતી રાજ્ય કક્ષાની નાટ્ય સ્પર્ધામાં કુલ નવ વખત અખ્તરદાને શ્રેષ્ઠ અભિનય માટેનાં પારિતોષિકો મળેલાં છે. આમ શાળા-કૉલેજમાં જે છોકરાને નાટ્ય પ્રવૃત્તિ પ્રત્યે રસ-રૂચિ ન હતા તે થિયેટર પ્રવૃત્તિમાં જ ગળાડૂબ બની જાય છે અને નાટ્યક્ષેત્રે અખ્તરદાના નામનો ડંકો વાગી જાય છે. અખ્તરદાની લાંબી રંગયાત્રામાં મનુ ભંડારીજી લિખિત હિન્દી અને ભોજપુરી ભાષાનું નાટક 'મહાભોજ' યશકલગી સમાન સાબિત થયું. જશવંત ઠાકર, દામિની મહેતા, ચિનુ મોદી, વિનોદ જાની જેવા નાટ્ય ક્ષેત્રના ધૂરંધર નિર્ણાયકોએ રાજ્ય કક્ષાની ઓપન હિન્દી નાટ્ય સ્પર્ધામાં પ્રથમ નંબર આપીને સન્માન કરેલ 'મહાભોજ'માં ૪૦ જેટલા કલાકારોનો કાફલો, મૅનેજ ન કરી શકાય તેવું અધધધ. બજેટ, નવોદિત અને ઍમેચ્યોર કલાકારો વિ. ઈન્ગ્રેડીએન્ટ્સ હોવા છતાં પણ આ નાટકે અપ્રતિમ સફળતા પ્રાપ્ત કરી. રાજ્ય કક્ષાની સફળતા પછી દહેરાદૂન ખાતે યોજાયેલ રાષ્ટ્ર કક્ષાની નાટ્ય સ્પર્ધામાં પણ મહાભોજ શ્રેષ્ઠતમ પ્રસ્તુતિનો ઍવોર્ડ જીતી ગયું. સલામ, અખ્તરસાબ!

મહાભોજની વાત હજી પુરી થઈ નથી. આ નાટકમાં અખ્તરદાએ ભજવેલાં ત્રણ રોલમાંના 'દાસસાહેબ'ના રોલને શ્રેષ્ઠ અભિનયનો ઍવોર્ડ મળ્યો હતો. એક જ ઈનામનો નિયમ ન હોત તો ત્રણે પાત્રોને પ્રથમ સ્થાન આપવું પડત એવો નિર્ણાયકોનો અભિપ્રાય હતો ! મહાભોજના ૧ વર્ષ ચાલેલા રિહર્સલ્સમાં ભીખુ પંચાલ, સ્વાતિ નાણાવટી, ઘનશ્યામસિંહ રાણા, મનહર રાવલ વિ.એ ભાગ લીધો હતો. આ નાટક ગાંધીનગર ખાતે પણ ભજવાયું છે. ઈતિ મહાભોજ સંપન્ન :

એ પછીના ઉર્દૂ આધારિત હિન્દી નાટકો 'બેગમ કા તકિયા' અને 'સૂરજ કી પહેલી કિરણ સે અંતિમ કિરણ તક' પણ ખૂબ જ વખણાયાં.

ટીવી મિડિયા ક્ષેત્રે પણ અખ્તરદાનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. ૧ પથી વધારે ગુજરાતી ધારાવાહિકોનું નિર્માણ, દિગ્દર્શન અને તેમાં અભિનય આપેલ છે. આ ધારાવાહિકોએ ખૂબ લોકપ્રિયતા મેળવી હતી. જેમાંની 'સંબંધો ક્ષિતિજ પારના' શ્રેણીએ દૂરદર્શનની તમામ શ્રેણીઓમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ, જે ગૌરવની વાત છે.

તખ્તા અને ટીવી બાદ દસ્તાવેજી ચિત્રોના નિર્માણ ક્ષેત્રે પણ અખ્તરજીએ ઝળકતી સિદ્ધિઓ મેળવી છે. માહિતી ખાતાની દસથી વધુ ડૉક્યુમેન્ટરીનું નિર્માણ તથા દિગ્દર્શન કરેલ છે. જેમાંની 'નળ સરોવર' દસ્તાવેજીના શ્રેષ્ઠ નિર્માણ માટે માટે (વર્ષ ૨૦૦૬-૦૭)નું માન. મુખ્યમંત્રીશ્રી તથા મહામહિમ રાજ્યપાલશ્રીના વરદ્ હસ્તે પારિતોષિક મેળવેલ છે. દસ્તાવેજી નિર્માણ માટેની માહિતી ખાતાની પેનલ પર પણ અખ્તરદા પસંદગી પામેલ છે. તેમની ડૉક્યુમેન્ટરીમાં ગીત-સંગીત પણ તેમનાં પોતાનાં જ હોય છે. 'નળ સરોવર'નું તેમનું લખેલ અને સ્વરબધ્ધ કરેલ ટાઈટલ ગીત 'ન કોઈ દેશ અમારો, ન કોઈ વેશ અમારો, ન કોઈ જાત અમારી, ન કોઈ નાત અમારી, ન પાસપૉર્ટની ચિંતા, ન વિઝાની ખટપટ, સરહદ સીમાડા ન નડતા, દુશ્મનોના શહેરમાં પણ ગીત પ્રેમનાં ગાતા, ન ડૂબવાનો ડર, ન તૂટવાની ફિકર... રામનું નામ હૈયે પછી મોતનો શું ડર...' આ ગીતથી માન. મુખ્યમંત્રીશ્રી પણ પ્રભાવિત થયા હતા.

થિયેટર એ અખ્તરદાનો પ્રથમ લગાવ છે અને ઍમેચ્યોર કલાકાર તૈયાર કરવા એ એમનો પેશન છે. તેઓ માને છે કે નવા કલાકારો અને નવી પેઢીને માર્ગદર્શન આપીને સુસજ્જ કરવા જોઈએ. ગાંધીનગરના નવોદિત કલાકાર આશિષ પટેલને અભિનય ક્ષેત્રે તૈયાર કરવામાં અને નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા, દિલ્હીમાં પ્રવેશ અપાવવામાં અખ્તરદાનો સિંહફાળો રહ્યો હતો. હાલ આશિષ ઍનએસડીમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો છે.

અખ્તરદાદા પાસે અનેક કલાકારો તૈયાર થયા છે, જેમાં હિતેષ રાવલ, ભીખુ પંચાલ, ઈન્તિયાઝ શેખ, હિના ઉપાધ્યાય, મોરલી પટેલ, યોગેશ ત્રિવેદી, દિલીપ ઠાકર, કુંપલ દવે વિ. ટોચ પર પહોંચ્યા છે, જેનો અખ્તરદાને ગર્વ અને આનંદ છે.

૨૫ જેટલા ત્રિઅંકી અને ૧૫ જેટલા શૉર્ટ પ્લેમાં મુખ્ય અભિનેતાનો રોલ ભજવતા અખ્તરજીને તેમજ અન્ય કલાકારોને મળેલા કુલ ૧૩૫ ઍવોર્ડ્સથી 'અખ્તર સૈયદ થિયેટર'ની ઝોળી છલકાઈ ગઈ છે. છેલ્લાં ૩૦ વર્ષોથી નાટ્ય ક્ષેત્રે યાદગાર પ્રદાન કરનાર અખ્તરદા દિગ્દર્શિત 'તેજ લિસોટો' નાટકને તાજેતરમાં જ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી આયોજિત સ્પર્ધામાં તૃતિય સ્થાન તથા શ્રેષ્ઠ અભિનય માટે કવિતા દહિયા અને કુંતલ નિમાવતને ઈનામો પ્રાપ્ત થયાં હતાં, જે બતાવે છે કે નાટ્ય ક્ષેત્રે અખ્તરદાની માસ્ટરી અને ગ્રીપ એવી ને એવી જ મજબૂત રહી છે. અખ્તરજીની મહેચ્છા છે કે ગાંધીનગરના જ ઍમેચ્યોર કલાકારોને લઈને યાદગાર બની રહેવા એક ત્રિઅંકી, એક એકાંકી અને એક ગુજરાતી ફિલ્મનું નિર્માણ કરવું છે.

છેલ્લે 'અદા કહેતે હૈં કિસકો ?' તો અખ્તરદા કદાચ કહેશે, 'લબ પે આંહે ભી નહીં, આંખો મેં આંસુ ભી નહીં, હમને હર ઝખ્મ મોહબ્બત કા છિપા રખ્ખા હૈ...' આદાબ!